विशेषत: कलियुगे लघूपायोऽस्ति भूतले ||

આ પવિત્ર વ્રત દુ:ખ શોક દૂર કરી સુખ, સૌભાગ્ય અને સંતતિ વધારી સર્વત્ર જય અપાવે છે. ભક્તિ અને શ્રદ્ધાથી કોઈ પણ દિવસે સાંજે બ્રાહ્મણો, વડીલો, ઈષ્ટ મિત્રો અને સગાં વહાલાં સહિત ભેગાં મળી શ્રી સત્યનારાયણ ભગવાનનું વ્રતપૂજન કરવું જોઈએ. સવાયો પ્રસાદ ભગવાનના ચરણોમાં અર્પણ કરી પંચામૃત અને પ્રસાદ બધાંને વહેંચવો અને પોતે પણ લેવો. આ પછી શ્રી સત્યનારાયણ

ભગવાનનું સ્મરણ કરતાં કરતાં બધાં લોકો પોત પોતના ઘરે જાય, અને નિશ્ચય કરે કે સત્ય વાણી અને સત્યાચરણ દ્વારા પોતાના જીવનને સફળ કરીશું. આ રીતે સત્યનારાયણ ભગવાનનું વ્રત કરવાથી મનુષ્યની બધી મનોકામના અવશ્ય પૂર્ણ થાય છે.

ईति श्री स्कंदपुराणे रेवाखंडे सत्यनारायण व्रतकथायाम् प्रथमोऽध्याय: ||

બોલો શ્રી સત્ય નારાયણ ભગવાનનો જય.

## અધ્યાય - ૨

सूत उवाच

अथान्यात् संप्रवक्ष्यामि कृतं येन पुरा द्विजा: |
कश्चित् काशीपुरे रम्ये ह्यासीत् विप्रोऽतिनिर्धन: |
क्षुत्तंगभ्यां व्याकुलो भूत्वा नित्यं बभ्राम भूतले ||
किमर्थं भ्रमसे विप्र महीं नित्यं सुदु:खित: |
तत् सर्वं श्रोतुमिच्छामि कथ्यतां द्विजसत्तम ||

આ રીતે શ્રી સત્યનારાયણ ભગવાનનાં વ્રત વિધાન તથા મહાત્મ્ય જણાવતાં શ્રી સુતજીએ શૌનક આદિ ઋષિઓને કહ્યું, આ વ્રત સૌ પ્રથમ જેણે કર્યું તેની કથા કહું છું.

હે ઋષિઓ! અત્યંત રમણીય કાશી નગરીમાં શતાનંદ નામનો એક ગરીબ બ્રાહ્મણ રહેતો હતો. ભૂખ તરસથી વ્યાકુળ થઈ તે દરરોજ ભીક્ષા માગીને પોતાના જીવનનો નિર્વાહ કરતો હતો. એક દિવસ જેને બ્રાહ્મણ પ્રિય છે એવા ભગવાન પોતે જ એક વૃદ્ધ બ્રાહ્મણનો વેષ ધારણ કરી એમની પાસે આવ્યા અને આદરપૂર્વક કહ્યું:

"હે પ્રિય! તમે અત્યંત દીન બની રોજે રોજ શા માટે ભિક્ષા માગો છો?"

ब्राह्मण उवाच

ब्रामणोऽतिदरिद्रोऽहमं भिक्षार्थं वै भ्रमे महम् |

उपायं यदि जानासि कृपया कथय प्रभो ||

વૃદ્ધ બ્રાહ્મણની પ્રેમભરી વાણી સાંભળી તે શતાનંદ બ્રાહ્મણે કહ્યું:

"હું બહુ જ ગરીબ છું, આથી ભિક્ષા માટે ભટકું છું. જો આ કષ્ટમાંથી મુક્ત થવાનો કોઈ ઉપાય આપ જાણતા હો તો કૃપા કરીને મને અવશ્ય કહો."

वृद्ध ब्राह्मण उवाच

सत्यनारायणो विष्णुर्वांछितार्थफलप्रद: |

तस्य त्वं पूजनं विप्र कुरुष्व व्रतमुत्तमम् |

यत्कृत्वा सर्व दु:खेभ्यो मुक्तो भवति मानव: ||

विधानं च व्रतस्यापि विप्रायाभाष्य यत्नत: |

सत्यनारायणो वृद्धस्तत्रैवान्तरधीयत ||

વૃદ્ધ બ્રાહ્મણ વેષધારી ભગવાન બોલ્યા:

"હે બ્રાહ્મણ! ઈચ્છિત ફળ આપનાર અને બધી જ મનોકામના પૂર્ણ કરનાર શ્રી સત્યનારાયણ ભગવાન છે. તમે એનું જ પૂજન અને સર્વશ્રેષ્ઠ વ્રત કરો. આ વ્રત કરવાથી મનુષ્ય આવાગમનના બંધનમાંથી મુક્ત થાય છે અને પૃથ્વી પર સ્વર્ગનું સુખ મેળવે છે."

તે દરિદ્ર બ્રાહ્મણને વ્રતની વિધિ બતાવી વૃદ્ધ બ્રાહ્મણનો વેષ ધારણ કરેલ ભગવાન શ્રી સત્યનારાયણ અંતર્ધ્યાન થઈ ગયા.

तद् व्रतं करिष्यामि यदुक्तं ब्राह्मणेन वै |

ईति संचिन्त्य विप्रोऽसौ रात्रौ निद्रां न लब्धवान् ||

तत: प्रात: समुत्थानाय 'सत्यनारायणव्तम्|
करिष्य' इति संकल्प्य भिक्षार्थमगमद् द्विज: ||
तस्मिन्नेव दिने विप्र: प्रचुरं द्रव्यमाप्तवान्|
तेनैव बन्धुभि: सार्धं सत्यस्य व्रतमाचरत्|
सर्वदु:खविनिर्मुक्त: सर्वसंपत्समन्वित: |
बभूव स द्विजश्रेष्ठो व्रतस्यास्य प्रभावत: ||
तत: प्रभृति काले च मासि मासि व्रतं कृतम्|
एवं नारायणस्येदं व्रतं कृत्वा द्विजोत्तम: |
सर्वपापविनिर्मुक्तो दुर्लभं मोक्षमाप्तवान्||
व्रतमस्य यदा विप्रा: पृथिव्यां संचरिष्यति|
तदैव सर्वदु:खं च मनुजस्य विनंगक्ष्यति ||
एवं नारायणेनोक्तं नारदाय महात्मने|
मया कथितं विप्रा: किमन्यत् कथयामि व: ||

આ બ્રાહ્મણે જે વ્રત કહ્યું તે હું કરીશ એવો નિશ્ચય તેણે કર્યો, આથી રાત્રે તેને બરાબર ઊંઘ પણ ન આવી. બીજે દિવસે વ્રત અને પૂજનનો સંકલ્પ કરી શતાનંદ હંમેશની જેમ નગરમાં ભિક્ષા માગવા ગયો. તે દિવસે તેને દરરોજ કરતાં વધુ ધન મળ્યું. તે ધન વડે શતાનંદે ભાઈબંધુઓ સહિત શ્રી સત્યનારાયણ ભગવાનનું વ્રત કર્યું. આ વ્રત કરવાથી તે બ્રાહ્મણ બધાં દુ:ખોથી મુક્ત થઈ ગયો તથા સંપત્તિવાન બન્યો. શતાનંદ આ વ્રતના પ્રભાવથી બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ બની ગયો. ત્યારથી તે દર મહિને શ્રી સત્યનારાયણનું વ્રત કરતો. એ રીતે બધાં દુ:ખોથી મુક્ત થઈ અત્યંત દુર્લભ મોક્ષને પ્રાપ્ત થયો.

શ્રી સુતજી બોલ્યા:

" હે ઋષિમુનિઓ! શ્રી વિષ્ણુ ભગવાને યોગીરાજ નારદજીને જે

કંઈ કહ્યું હતું તે બધું જ મેં તમને કહ્યું છે. બીજું વધારે તમારે શું સાંભળવું છે?"

ऋषय ऊचु:

तस्माद्विप्राच्छ्रुतं केन पृथिव्यां चरितं मुने |
तत्सर्वं श्रोतुमिच्छाम: श्रद्धास्माकं प्रजायते ||

શૌનકાદિ ઋષિઓએ કહ્યું:

"હે મુનિશ્રેષ્ઠ! અમને શ્રદ્ધા જન્મે આથી વધુ સાંભળવાની ઈચ્છા થાય છે. તે બ્રાહ્મણ ઉપરાંત બીજા કોણે આ પૃથ્વી પર એ વ્રત કર્યું તે અમે સાંભળવા ઈચ્છીએ છીએ. તો કૃપા કરીને તે અમને કહો."

सूत उवाच

श्रृणुध्वं मुनय: सर्वे व्रतं येन कृतं भुवि |
एकदा स द्विजश्रेष्ठो यथा विभवविस्तरै: |
बंधुभि: स्वजनै: सार्धं व्रतं कर्तु समुद्यत: ||
एतस्मिन्नन्तरे काले काष्ठक्रेता समागमत् |
बहि: काष्ठं च संस्थाप्य विप्रस्य गृहमाययौ ||
तृष्णया पीडितात्मा च दृष्ट्वा विप्रं कृतव्रतम् |
प्रणिपत्य द्विजं प्राह 'किमिदं क्रियते त्वया |
कृते किं फलमाप्नोति विस्तराद् वद मे प्रभो' ||

શ્રી સુતજી બોલ્યા:

" હે ઋષિઓ! એક સમયે આ બ્રાહ્મણ જ્યારે શ્રી સત્યનારાયણ ભગવાનનું વ્રત કરી રહ્યો હતો ત્યારે એક કઠિયારો એના ઘર પાસેથી નીકળ્યો. તરસથી પીડાતો તે લાકડાનો ભારો બહાર મૂકી બ્રાહ્મણના ઘરમાં ગયો. તેને વ્રત કરતાં જોઈને નમન કરી કઠિયારાએ

પૂછ્યું:

"હે બ્રાહ્મણ ! આપ આ શું કરી રહ્યા છો અને એ કરવાથી શું ફળ મળે એ વિસ્તાર પૂર્વક મને કહેવાની કૃપા કરો."

ब्राह्मण उवाच

'सत्यनारायणस्येदं व्रतं सर्वेप्सितप्रदम् |
तस्य प्रसादान्मे सर्व धनधान्यादिकं महत् |'

કઠિયારાની વાણી સાંભળી બ્રાહ્મણે કહ્યું |

"બધાં ઈચ્છીત ફળ આપનાર આ શ્રી સત્યનારાયણ ભગવાનનું વ્રત છે. એની કૃપાથી જ મને ધનધાન્યાદિ સર્વ પ્રાપ્ત થયું છે."

तस्मादेतद् व्रतं ज्ञात्वा काष्ठक्रेतातिहर्षित: |
पपौ जलं प्रसादं च भुक्त्वा स नगरं ययौ ||
सत्यनारायणं देवं मनसा इत्यचिन्तयत् |
'काष्ठं विक्रयतो ग्रामे प्राप्यते चाद्य यद्धनम् |
तेनैव सत्यदेवस्य करिष्ये व्रतमुत्तमम् ||'
इति संचित्य मनसा काष्ठं धृत्वा तु मस्तके |
जगाम नगरे रम्ये धनिनां यत्र संस्थित: ||
तद्दिने काष्ठमूल्यं च त्रिगुणं प्राप्तवानसौ |
तत: प्रसन्नहृदय: सुपक्वं कदलीफलम् |
शर्कराघृतदुग्धं च गोधूमस्य च चूर्णकम् ||
कृत्वैकत्र सपादं गृहीत्वा स्वगृहं ययौ |
ततो बंधुन् समाहूय चकार विधिना व्रतम् ||
तद्व्रतस्य प्रभावेण धनपुत्रान्वितोऽभवेत् |
इह लोके सुखं भुक्त्वा चान्ते सत्यपुरं ययौ ||

તેની પાસેથી આ વ્રતનું મહાત્મ્ય જાણી કઠિયારો ઘણો જ ખુશી થયો, અને પ્રસાદ લઈ તથા પાણી પી લાકડાંનો ભારો માથે મૂકી "હું પણ આ વ્રત કરીશ" એમ વિચારતો નગરમાં એના સદ્‌ભાગ્યે જ્યાં ધનિક લોકો રહેતા હતા ત્યાં પહોંચી ગયો. તે દિવસે કઠિયારાને એનાં લાકડાંનો રોજ કરતાં બમણો ભાવ મળ્યો. આ પછી ખુશી થઈ સારાં પાકાં કેળાં, દૂધ, ઘી, ઘઉંનો લોટ વગેરે લઈ ઘરે આવ્યો. આ પછી પોતાનાં સગાં વહાલાંને બોલાવી વિધિપૂર્વક શ્રી સત્યનારાયણ ભગવાનનું વ્રત કર્યું. આ વ્રતના પ્રભાવથી ધન અને સંતાન વગેરેથી સંપન્ન થઈ આ લોકનાં સમસ્ત સુખો ભોગવી અંતમાં મોક્ષ પદને પ્રાપ્ત થયો.

इति श्री स्कन्दपुराणे रेवाखंडे सत्यनारायणव्रतकथायां द्वितीयोऽध्याय:||

બોલો શ્રી સત્યનારાયણ ભગવાનનો જય ||

## અધ્યાય - ૩

सूत उवाच

पुनरग्रे प्रवक्ष्यामि श्रुणुध्वं मुनिसत्तमा: |
पुरा चोल्कामूखो नाम नृपश्चासीन्महीपति: ||
जितेन्द्रिय: सत्यवादी ययौ देवालयं प्रति |
दिने दिने धनं दत्वा द्विजान् संतोषयन् सुधी: ||
भार्या तस्य प्रमुग्धा च सरोजवदना सती |
भद्राशीला नदीतीरे सत्यस्य व्रतमाचरत् ||
एतस्मिन्नन्तरे तत्र साधुरेक: समागत: |
वाणिज्यार्थं बहुधनैरनेकै: परिपूरित: ||
नावं संस्थाप्यं तत्तीरे जगाम नृपतिं प्रति |

दृष्ट्वा स व्रतिनं भूपं पप्रच्छ विनयान्वित: ||

શ્રી સુતજી બોલ્યા |

"હે મુનિશ્રેષ્ઠ! હવે એની આગળની કથા ધ્યાન પૂર્વક સાંભળો. ઘણા સમય પહેલાંની વાત છે. ઉલ્કામુખ નામનો એક ઘણો મોટો, ઈન્દ્રિયજીત અને બુદ્ધિમાન રાજા હતો. તે નિયમિત દેવમંદિરમાં ભગવાનનું દર્શન કરીને બ્રાહ્મણો અને ભિક્ષુઓને દાન આપતો. આ રાજાની પ્રમુગ્ધા નામની રાણી પતિવ્રતા અને કમળ સમાન સુંદર મુખવાળી હતી. ઉલ્કામુખ રાજાએ પત્ની સહિત ભદ્રા નદીના કાંઠે શ્રી સત્યનારાયણ ભગવાનનું વ્રત પ્રારંભ કર્યું. તે જ સમયે એક શેઠ વેપાર માટે ઘણું ધન લઇ ત્યાં આવી પહોંચ્યો. પોતાના વહાણને માલ સહિત કિનારા પર રાખી રાજા નજીક આવ્યો અને વિનય પૂર્વક પૂછ્યું:

साधुरुवाच

किमिदं कुरुषे राजन् भक्तियुक्तेन चेतसा |

प्रकाशं कुरु तत्सर्वं श्रोतुमिच्छामि सांप्रतम् ||

"હે રાજા! ભક્તિપૂર્ણ મનથી આપ શું કરી રહ્યા છો? એ કરવાથી શું ફળ મળે? એ બધું આપ મને વિગતવાર કહેવાની કૃપા કરો."

राजोवाच

पूजनं क्रियते साधो विष्णोरतुलतेजस: |

व्रतं च स्वजनै: सार्धं पुत्रद्यावाप्तिकाम्यया ||

રાજાએ કહ્યું,

"હે શેઠ! અમે પુત્રાદિની ઇચ્છાથી અમારા સ્વજનો સાથે અતુલ તેજસ્વી શ્રી સત્યનારાયણ ભગવાનનું વ્રત-પૂજન કરીએ

છીએ.”

भूपस्य वचनं श्रुत्वा साधु: प्रोवाच सादरम् |
सर्वं कथय मे राजन् करिष्येऽहं तवोदितम् ||
ममापि संततिर्नास्ति ह्येतस्माज् जायते ध्रुवम् |
ततो निवृत्य वाणिज्यात् सानंदो गृहमागत: |
भार्यायै कथितं सर्वं व्रतं संततिदायकम् ||
‘तदा व्रतं करिष्यामि यदा मे संततिर्भवेत् |
इति लीलावतीं प्राह पत्नीं साधु: स सत्तम: ||
एकस्मिन् दिवसे तस्य भार्या लीलावती सती |
भर्तृयुक्ताऽऽनंदचित्ताऽभवद् धर्मपरायणा |
गर्भिणी चाऽभवत् तस्य भार्या सत्यप्रसादत: ||

રાજાની આવી વાણી સાંભળી આદરપૂર્વક શેઠે કહ્યું:

“હે રાજન્! આ પવિત્ર વ્રતની વિધિ અમને કહેવાની કૃપા કરો, કેમ કે અમને પણ સંતતિ નથી. જો એ કરવાથી ચોક્કસ સંતતિ થતી હોય તો  જરૂર એ વ્રત હું કરીશ.”

આ રીતે રાજાનાં વચનો સાંભળી વેપારમાંથી પરવારી તે શેઠે આનંદપૂર્વક ઘરે આવી પોતાની પત્નીને સંતતિ આપનારા વ્રત વિષે બધું જ કહ્યું. સંતતિ દેનાર શ્રી સત્યનારાયણનું એ વ્રત જ્યારે આપણને સંતાન થશે ત્યારે અવશ્ય કરીશ.”

એક દિવસ તેની ધર્મપરાયણ સતી પત્ની લીલાવતી આનંદપૂર્ણ મનથી પતિ સાથે યુક્ત બની. આથી શ્રી સત્યનારાયણ ભગવાનની કૃપાથી તે ગર્ભવતી થઈ.

दशमे मासि ते तस्या: कन्यारत्नमजायत |
दिने दिने सा ववृद्धे शुक्लपक्षे यथा शशीम् ||

नाम्ना कलावती चेति तन्नामकरणं कृतं |
ततो लीलावती प्राह स्वामिनं मधुरं वच: ||
'न करोषि किमर्थं वै पुरा संकल्पित व्रतम्?'
विवाहसमये तस्या: करिष्यामि व्रतं प्रिये ||

દસમા મહિને એક સુંદર કન્યાને તેણે જન્મ આપ્યો. તે કન્યા રોજ રોજ શુક્લ પક્ષના ચંદ્રમાની જેમ  મોટી થવા લાગી. તેનું નામ કલાવતી રાખવામાં આવ્યું. આ પછી એક દિવસ લીલાવતીએ મધુર વચને પોતાના પતિને કહ્યું:

" આપે શ્રી સત્યનારાયણ ભગવાનનું વ્રત કરવાનો સંકલ્પ કરેલો તે કેમ પુરો  કરતા નથી?"

શેઠે કહ્યું: "અત્યારે વેપારમાં તેજીને લીધે અવકાશ નથી, પુત્રીના લગ્ન સમયે કરીશું."

इति भार्यां समाश्वास्य जगाम नगरं प्रति |
तत: कलावती कन्या ववृद्धे पितृवेश्मनि ||
दृष्ट्वा कन्यां तत: साधुर्नगरे सखिभि: सह |
मंत्रयित्वा ध्रुत दूतं प्रेषयामास धर्मवित् ||

આ રીતે પોતાની પત્નીને દિલાસો આપી વેપાર અર્થે બીજા નગરમાં ચાલ્યો ગયો. સમય વિતવા સાથે કલાવતી મોટી થવા લાગી. એક વાર કલાવતીને શેઠે સખીઓ સાથે રમતી જોઈ અને તે વિવાહને યોગ્ય થયેલી લાગી. આથી શેઠે પોતાના ભાઇ-ભાંડુઓની સલાહ લઇ વાળંદને આજ્ઞા આપી કે તે જલદી કલાવતીને યોગ્ય મુરતિયો શોધી લાવે.

विवाहार्थ च कन्याया वरं श्रेष्ठं विचारय |
तेनाज्ञत्पश्च दूतोऽसौ कांचनं नगरं ययौ ||

શેઠની આજ્ઞાથી વાળંદ કન્યાના વિવાહ માટે શ્રેષ્ઠ વર મેળવવાના વિચારથી કાંચન નામની નગરીમાં પહોંચ્યો.

तस्मादेकं वणिक्पुत्रं समादायागतो हि स: |
दृष्ट्वा तु सुंदरं बालं वणिक्पुत्रं गुणान्वितम् ||

એક સુંદર શરીરવાળા અને ગુણવાન વૈશ્ય પુત્રને જોઇ વિવાહની વાત પાકી કરી આવ્યો.

ज्ञातिभिर्बन्धुभि: सार्धं परितुष्टेन चेतसा |
दत्तवान् साधुपुत्राय कन्यां तस्मै विधानत: ||
ततोऽभाग्यवशात् तेन विस्मृतं व्रतमुत्तमम् |
विवाहसमये तस्यास्तेन रुष्टोऽभवत् प्रभु: ||

શેઠે સંતુષ્ટ મનથી જ્ઞાતિજનો સાથે રાખી તે શાહુકારપુત્રને પોતાની કન્યા વિધિ પૂર્વક અર્પણ કરી. દુર્ભાગ્યે શેઠ આ સમયે પણ શ્રી સત્યનારાયણ ભગવાનનું વ્રત કરવાનું ભૂલી ગયો. આથી શ્રી સત્યનારાયણ ભગવાન નારાજ થયા.

तत: कालेन नियतो निजकर्मविशारद: |
वाणिज्यार्थं तत: शीघ्रं जामात्रा सहितो वणिक् ||
रत्नसारपुरे रम्ये गत्वा सिंधु समीपत: |
वाणिज्यमकरोत् साधुर्जामात्रा श्रीमता सह ||
तौ गतौ नगरे रम्ये चन्द्रकेतोर्नृपस्य च |
एतस्मिन् नेवकाले तु सत्यनारायण: प्रभु: ||
भ्रष्टप्रतिज्ञमालोक्य शापं तस्मै प्रदत्तवान् |
'दारुणं कठिनं चास्य महद् दु:खं भविष्यति ||'

કન્યાના વિવાહ બાદ નિયત સમય મુજબ વેપારમાં પરમ ચતુર તે શેઠ પોતાના જમાઇને લઇ રાજા ચંદ્રકેતુના રત્નસારપુર નામના

સમુદ્ર નજીકના સુંદર નગરમાં વેપાર કરવા પહોંચી ગયો. તે સમયે શેઠને પ્રતિજ્ઞાભ્રષ્ટ થયેલો જોઈ સત્ય નારાયણ ભગવાને શાપ આપ્યો કે તને મહાન, દારુણ અને કઠિન દુઃખ પ્રાપ્ત થાઓ.

एकस्मिन दिवसे राज्ञो धनमादाय तस्कर: |
तत्रैव चागतश्चौरो वणिज्यौ यत्र संस्थितौ ||
तत् पश्चाद्धावकान् दूतान् दृष्ट्वा भीतेन चेतसा |
धनं संस्थाप्य तत्रैव स तु शीघ्रमलक्षित: ||

એક ચોર રાજાના ખજાનામાંથી ધન ચોરી લઇ આ વેપારીઓ જ્યાં હતા ત્યાં આવ્યો. રાજાના સિપાઇઓએ પીછો પકડ્યો જોઇ ભયને લીધે તેણે ત્યાં ધન નાંખી દીધું અને ભાગી ગયો.

ततो दूता: समायाता यत्रास्ते सज्जनो वणिक् |
दृष्ट्वा नृपधनं तत्र बध्वानीतौ वणिक्सुतौ ||
हर्षेण धावमानाश्च ऊचुर्नृप समीपत: |
तस्करौ द्वौ समानीतौ विलोक्याज्ञापय प्रभो ||

જ્યાં આ સજ્જન વણિકો હતા ત્યાં રાજાના સિપાઇઓ આવ્યા, અને રાજાનું ધન ત્યાં જોયું  આથી એ બંનેને દોરડાંથી બાંધી રાજા પાસે લઇ આવ્યા અને કહ્યું:

"હે પ્રભુ! આપનું ધન ચોરનાર આ બંને ચોર આપની સમક્ષ હાજર છે."

राज्ञाज्ञप्तास्तत: शीघ्रं दृढं बद्धवा तु तावुभौ |
स्थापितौ द्वौ महादुर्गे कारागारेऽविचारत: ||
मायाया सत्यदेवस्य न श्रुतं कैस्तयोर्वच: |
अतस्तयोर्धनं राज्ञा गृहितं चन्द्रकेतुना ||

સત્યદેવ ભગવાનની માયાથી ચંદ્રકેતુ રાજાએ એમનું કહેવાનું કશું ન

સાંભળ્યું અને બંનેને મજબૂત રીતે બાંધી કારાગારમાં પુરાવી દીધા. તેમનું જે ધન હતું તે પણ લઇ લીધું.

तच्छापाच्च तयोर्गृहे भार्या चैवातिदु:खिता |
चौरेणापहृतं सर्वं गृहे यच्च स्थितं धनम् ||
आधिव्याधि समायुक्ता क्षुत्पिपासातिदु:खिता |
अन्नचिन्ता परा भूत्वा बभ्राम च गृहे गृहे ||
कलावती तु कन्यापि बभ्राम प्रतिवासरम् |
एकस्मिन् दिवसे जाता क्षुधार्ता द्विजमंदिरम् |
गत्वाऽपश्यद् व्रतं तत्र सत्यनारायणस्य च ||
उपविश्य कथां श्रुत्वा वरं प्रार्थितवत्यपि |
प्रसाद भक्षणं कृत्वा ययौ रात्रौ गृहं प्रति ||

શ્રી સત્યનારાયણ ભગવાનના શ્રાપને લીધે શેઠના ઘરે એની પત્ની અને પુત્રીની પણ ઘણી ખરાબ દશા થઇ. ઘરમાં જે કંઇ ધન-સંપત્તિ હતી તે ચોર લોકો ચોરી ગયા. ભૂખ તરસથી દુ:ખી થઇ તેઓ મજુરી કરવા લાગી અને ભીક્ષા માગવા ચિત્તભ્રમ થઈ ઘર ઘર ભટકવા લાગી. એક દિવસ ભૂખ-તરસથી વ્યાકુળ કલાવતી એક બ્રાહ્મણના ઘરે ગઇ. ત્યાં તેણે શ્રી સત્યનારાયણ ભગવાનનું વ્રત-પૂજન જોયું. શ્રી સત્યનારાયણ ભગવાનની કથા સાંભળી, પ્રસાદ લઇ મોડી રાતે કલાવતી ઘરે ગઇ.

माता कलावतीं कन्यां कथयामास प्रेमत: |
पुत्रि ! रात्रौ स्थिता कुत्र किं ते मनसि वर्तते ||

માતાએ કલાવતીને પ્રેમથી પૂછયું:

"હે પુત્રી! આટલી રાત વીતવા સુધી તું ક્યાં હતી? તું મનમાન્યું કેમ કરે છે?"

कन्या कलावती प्राह मातरं प्रति सत्वरम् |
'द्विजालये व्रतं मातर् दृष्टं वांछितसिद्धिदम् |'

કલાવતીએ શાંત સ્વરે કહ્યું: "મા, એક બ્રાહ્મણના ઘરે મેં એવું વ્રત-પૂજન જોયું, જે બધી ઈચ્છિત મનોકામના પૂર્ણ કરનારું છે."

तच्छ्रुत्वा कन्यका वाक्यं व्रतं कर्तु समुद्यता |
सा तदा तु वणिग्भार्या सत्यनारायणस्य च ||
व्रतं चक्रे सैव साध्वी बंधुभिः स्वजनैः सह |
'भर्तृजामातरौ क्षिप्रमागच्छेतां स्वमाश्रमम् ||
अपराधं च मे भर्तृजामातुः क्षन्तुमर्हसि ||'

કલાવતીનાં વચન સાંભળી લીલાવતીને શ્રી સત્યનારાયણ ભગવાનના વ્રતનું સ્મરણ થઈ આવ્યું. તેણે આ વ્રત કરવાનો સંકલ્પ કર્યો અને પોતાનાં સગાં વહાલાં સાથે વ્રત પૂર્ણ કર્યું. લીલાવતીએ ભગવાનને પ્રાર્થના કરી વારંવાર વિનંતિ કરી:

"હે પ્રભુ! મારા પતિ અને જમાઈને જલદી ઘરે મોકલો. તેઓના અપરાધ ક્ષમા કરવામાં આપ જ સમર્થ છો."

व्रतेनानेन तुष्टोऽसौ सत्यनारायणः प्रभुः |
दर्शयामास स्वप्नं हि चन्द्रकेतुं नृपोत्तमम् ||
'बन्दिनौ मोचय प्रातर् वणिजौ नृपसत्तम |
देय धनं च तत् सर्वं गृहीतं यत्त्वयाधुना ||
नो चेत् त्वां नाशयिष्यामि सराज्यं धनपुत्रकम् ||

વ્રતથી સંતુષ્ટ થયેલા સત્યનારાયણ પ્રભુએ રાજા ચંદ્રકેતુને તે જ રાત્રે સ્વપ્નમાં કહ્યું:

"હે રાજન્! પેલા બન્ને બંદીવાન વણિકોને જેલમાંથી મુક્ત કરી જે કંઈ ધન તેમનું લઈ લીધું છે તે તરત જ પાછું આપી દો. જો

તું નહિ ચેતીશ તો ધનપુત્ર સહિત તારા રાજ્યનો નાશ કરીશ.”

एवमाभाष्य राजानं ध्यानगम्योऽभवत् प्रभु: |
तत: प्रभातसमये राजा च स्वजनै: सह ||
उपविश्य सभामध्ये प्राह स्वप्नं जनं प्रति |
‘बद्धौ महाजनौ शीघ्रं मोचय द्वौ वणिक्सुतौ ||

આમ કહીને ભગવાન અદૃશ્ય થયા. સવાર થતાં જ રાજા ચંદ્રકેતુએ મંત્રીને આદેશ આપ્યો કે જેલમાં પુરેલા પેલા બંને વણિક મહાજનને પોતાની સમક્ષ લાવવામાં આવે.

इति राज्ञो वच: श्रुत्वा मोचयित्वा महाजनौ |
समानीय नृपस्याग्रे प्राहुस्ते विनयान्विता: ||
‘आनीतौ द्वौ वणिक्पुत्रौ मुक्तौ निगडबन्धनात् |’
ततो महाजनौ नत्वा चन्द्रकेतुं नृपोत्तमम् ||

રાજાનાં આ વચનો સાંભળી બંને મહાજનોને સેવકોએ મુક્ત કરી રાજા સમક્ષ હાજર કર્યા અને વિનયપૂર્વક કહ્યું: ‘બંને વણિક પુત્રોને મુક્ત કરી લાવવામાં આવ્યા છે.’ બંનેએ રાજા ચંદ્રકેતુને નમસ્કાર કર્યા.

स्मरन्तौ पूर्ववृतान्तं नोचतुर्भयविह्वलौ |
राजा वणिक्सुतौ वीक्ष्य वच: प्रौवाच सादरम् ||
दैवात्प्राप्तं महदु:खमिदानीं नास्ति वै भयम् |
तदा निगडसंत्यागं क्षौरकर्माद्यकारयत् ||
वस्त्रालंकारकं दत्वापरितोष्य नृपश्च तौ |
पुरस्कृत्य वणिक्पुत्रौ वचसाऽतोषयद् भृशम् ||
पुरानीतं तु यद् द्रव्यं द्विगुणी कृत्य दत्तवान् |
प्रोवाच तं ततो राजा गच्छ साधो निजाश्रमम् ||

અને પોતાની સાથે બનેલા આગલા બનાવને યાદ કરી બંને જણા ભયવિહ્‌વળ બની મૌન રહ્યા || ત્યારે રાજાએ કહ્યું | "તમને આ દારુણ દુ:ખ દૈવના પ્રકોપને લઈને ભોગવવું પડ્યું | પણ હવે તમારે કોઈ ભય રાખવાનું કારણ નથી." હજામત તથા સ્નાનાદિ કરાવી, વસ્ત્રાલંકાર આપી, એમની પાસેથી લઈ લીધેલા ધનથી બેવડું ધન આપી રાજાએ તેમને સંતોષ્યા અને કહ્યું: "હવે ખુશીથી તમે તમારા ઘરે જાઓ."

राजानां प्रणिपत्याह गन्तव्यं त्वत्प्रसादत: |
इत्युक्त्वा तौ महावैश्यौ जग्मतु: स्वगृहं प्रति ||

રાજાને પ્રણામ કરી 'આપની કૃપાથી અમે હવે અમારા ઘરે જઈશું.' કહી તે બંને વૈશ્યોએ પોતાના ઘર તરફ પ્રયાણ કર્યું.

ईति श्री स्कंदपुराणे रेवाखंडे सत्यनारायण व्रतकथायाम् तृतीयोऽध्याय: ||

બોલો શ્રી સત્યનારાયણ ભગવાનનનો જય.

## અધ્યાય-૪

सूत उवाच

यात्रां तु कृतवान् साधु: मंगलाचारपूर्विकाम् |
ब्राह्मणेभ्यो धनं दत्वा तदा तु नगरं ययौ ||
कियद् दूर गते साधौ सत्यनारायण: प्रभु: |
जिज्ञासां कृतवान् 'साधो ! किमस्ति तव नौस्थितम् ||

શ્રી સુતજી બોલ્યા: "યાત્રા માટે તૈયારી કરતા એ શેઠે સ્વસ્તિવાચન કરાવી બ્રાહ્મણોને દાન આપી નગર તરફ પ્રયાણ કર્યું. આ વેપારીઓના થોડે દૂર ગયા પછી તેઓની પરીક્ષા લેવા શ્રી

સત્યનારાયણ ભગવાન એક સંન્યાસીના વેષમાં તેમની પાસે આવ્યા અને બોલ્યા:

"હે શેઠ! તમારી આ હોડીમાં શું ભર્યું છે?"

ततो महाजनौ मत्तौ हेलया च प्रहस्य वै |
कथं पृच्छसि भो दंडिन्! मुद्रां नेतुं किमिच्छसि ||
लतापत्रादिकं चैव वर्तते तरणौ मम |
निष्ठुरं च वचनं श्रुत्वा 'सत्यं भवतु ते वच: ||'

ઘણા ધનથી છકેલા તે બંને મહાજનોએ હસીને કહ્યું: "હે સાધુ! તમે કેમ પૂછો છો? તમે શા માટે ધનની ઈચ્છા રાખો છો? અમારી હોડીમાં તો વેલા-પાંદડાં જ ભરેલાં છે."

શ્રી સત્યદેવ ભગવાને આ વેપારીઓની કડવી અને મિથ્યા વાણી સાંભળી કહ્યું:

"સારું ભાઇ, તમારી વાત સાચી પડો."

एवमुक्त्वा गत: शीघ्रं दण्डी तस्य समीपत: |
कियद् दूरे ततो गत्वा स्थित: सिन्धुसमीपत: ||

એમ કહી સાધુ વેષધારી સત્યનારાયણ ભગવાન તરત જ આગળ જઇ એક જગ્યાએ દરિયાની નજીક બેસી ગયા.

गते दण्डिनि साधुश्च कृत नित्यक्रियस्तदा |
उत्थितां तरणीं दृष्ट्वा विस्मयं परमं ययो ||

દંડી સંન્યાસીના ગયા પછી શેઠ નિત્ય કર્મથી પરવારી જ્યારે હોડી પર ગયો ત્યારે હોડીને પાણીથી ઉપર હલકી તરતી જોઇ ગુંચવણમાં પડી ગયો.

दृष्ट्वा लतादिकं चैव मूर्च्छितो न्यपतद् भूवि |

लब्धसंज्ञो वणिक्पुत्रस्ततश्चिन्तान्वितोऽभवत् ||

તેણે હોડીમાં વેલા-પાંદડાં જોયાં અને મૂર્છિત થઇ જમીન પર ઢળી પડ્યો. શેઠની એ દશા જોઈ એના જમાઇએ કહ્યું:

तदा तु दुहितु: कान्तो वचनं चेदमब्रवीत् |

'किमर्थं क्रियते शोक: शापो दत्तश्च दंडिना ||

शक्यते तेन सर्वं हि कर्तुं चात्र न संशय: |

अतस्तच्छरणं यामो वांछितार्थो भविष्यति ||

" હે પિતા ! આપ ચિંતા શા માટે કરો છો? શોકથી વ્યાકુળ શા માટે થઇ રહ્યા છો? જરૂર એ પેલા સાધુ મહારાજના શાપને લીધે થઇ રહ્યું છે, એમાં શંકા નથી. આપ એના શરણે જાઓ. એ સર્વ શક્તિમાન છે અને કંઇ પણ કરી શકે છે."

जामातुर्वचनं श्रुत्वा तत्सकाशं गतस्तदा |

दृष्ट्वा च दंडिनं भक्त्या नत्वा प्रोवाच सादरम् ||

'क्षमस्व चापराधं मे यदुक्तं तव संनिधौ |'

एवं पुन: पुनर्नत्वा महाशोकाकुलोऽभवत् ||

જમાઈનાં આ વચન સાંભળી તેઓ બંને સાધુરૂપી ભગવાન પાસે જઇ પગે પડી આદર સહિત વિનંતિ કરવા લાગ્યા:

" હે ભગવાન! હું આપની સમક્ષ જે ખોટું બોલ્યો તે અમારો અપરાધ ક્ષમા કરો. " આમ વારંવાર કહી ખૂબ શોક કરવા લાગ્યો.

प्रोवाच वचनं दंडी विलपंत विलोक्य च |

'मा रोदी: श्रुणु मद् वाक्यं मम पूजाबहिर्मुख: ||

मामवज्ञाय दुर्बुद्धे ! लब्धं दु:खं मुहुर्मुहु: |'

तच्छ्रुत्वा भगवद्वाक्यं स्तुतिं कर्तुं समुद्यत: ||

વેપારીઓને રડતા જોઇ સાધુ વેષધારી ભગવાને કહ્યું:

" હે શેઠ! વિલાપ ન કર. મારી વાત સાંભળ. માનતા રાખી હોવા છતાં તેં મારી પૂજા કરી નહિ. મિથ્યા વચનો બોલ્યો. આથી જ હે દુર્બુદ્ધિ ! તને વારંવાર દુ:ખ સહન કરવાં પડ્યાં."

શ્રી સત્યદેવની વાત સાંભળી શેઠ તેમનાં ચરણોમાં પડી પ્રાર્થના કરવા લાગ્યો:

'तवन्माया मोहिता: सर्वे ब्रह्माद्यास्त्रिदिवौकस: |
न जानाति गुणान् रूपं तवाश्चर्यमिदं प्रभो ||
मूढोऽहं त्वां कथं जाने मोहितस्तव मायया |
प्रसीद पूजयिष्यामि यथाविभवविस्तरै: ||
पुरा वित्तं च तत्सर्वं देहि मां शरणागतम् |'
श्रुत्वा भक्तियुतं वाक्यं परितुष्टो जनार्दन: ||

"હે પ્રભુ! સર્વ બ્રહ્માદિ દેવતા પણ આપની માયાથી મોહિત છે, અને આ આપના આશ્ચર્યજનક ગુણ અને રૂપને જાણતા નથી. તમારી માયાથી મોહિત હું શી રીતે જાણી શકું? વહાણમાં પહેલાં મારું જે ધન હતું તે મને પાછું આપો. હું મારા વૈભવ અનુસાર આપનું પૂજન કરીશ. શેઠનાં ભક્તિયુક્ત વચનો સાંભળી સ્વામી સત્યદેવ ભગવાન પ્રસન્ન થયા.

वरं च वांछितं दत्वा तत्रैवान्तर्दधे हरि: |
ततो नावं समारुह्य दृष्ट्वा वित्तप्रपूरिताम् ||

ઈચ્છિત વરદાન આપી ભગવાન અંતર્ધ્યાન થઇ ગયા. શેઠે આવીને પોતાની હોડીને ધન-ધાન્યથી પૂર્ણ જોઇ.

'कृपया सत्यदेवस्य सफलं वांछितं मम |'
इत्युक्त्वा स्वजनै: सार्धं पूजां कृत्वा यथाविधि: ||
हर्षेण चाभवत् पूर्ण: सत्यदेवप्रसादत्त: |

नावं संयोज्य यत्नेन स्वदेशगमनं कृतम् ||

'સત્યદેવની કૃપાથી મારી ઈચ્છા સફળ થઈ' એમ કહી શ્રી સત્યનારાયણ ભગવાનની પૂજા કરી અને પોતાના ઘર તરફ પ્રયાણ કર્યું.

साधुर्जामातरं प्राह पश्य रत्नपुरी मम |
दूतं च प्रेषयामास निजवित्तस्य रक्षकम् ||
दूतोऽसौ नगरं गत्वा साधुभार्यां विलोक्य च |
प्रोवाच वांछितं वाक्यं नत्वा बद्धांजलिस्तदा ||

નગર દેખાતાં જ શેઠે પોતાના જમાઈને કહ્યું, 'જુઓ મારું રત્નપુરી.' અને પોતાના ધનનું રક્ષણ કરનાર એક દૂતને સમાચાર આપવા રવાના કર્યો. દૂતે નગરમાં પહોંચી શેઠની પત્નીને જોતાં હાથ જોડી શુભ સમાચાર આપતાં કહ્યું.

'निकटे नगरस्यैव जामात्रा सहितो वणिक् |
आगतो बंधुवर्गैश्च वित्तैश्च बहुभिर्युत: ||'

શેઠ પોતાના જમાઈ, બાંધવો અને પુશ્કળ ધન સાથે નગરની નજીક આવી પહોંચ્યા છે.

श्रुत्वा दूतमुखाद् वाक्यं महाहर्षवती सती |
सत्यपूजां तत: कृत्वा प्रोवाचं तनुजां प्रति ||
'व्रजामि शीघ्रमागच्छ साधुसंदर्शनाय च |'
इति मातृवच: श्रुत्वा व्रतं कृत्वा समाप्य च |
प्रसादं च परित्यज्य गता साऽपि पतिं प्रति ||

દૂતનો સંદેશો સાંભળી લીલાવતી બહુ જ ખુશ થઇ, અને ભગવાન સત્યનારાયણની પૂજા કરી પુત્રીને કહ્યું કે હું જઇને એ લોકોનું

સ્વાગત કરું છું, અને તું પણ (પૂજા પૂરી કરીને) જલદી આવ. કલાવતીએ માનાં વચનો સાંભળી (પ્રસન્ન થઇ) પૂજા પૂરી કરી પરંતુ પ્રસાદ લીધા વિના પોતાના પતિને મળવા તે પણ દોડી ગઇ.

तेन रुष्ट: सत्यदेवो भर्तारं तरणीं तथा |

संहृत्य च धनै: सार्धं जले तस्मिन् न्यमज्जयत् ||

પ્રસાદ ન લેવાથી ભગવાન સત્યદેવ નારાજ થયા | અને કલાવતીના પતિને એની હોડી સહિત અદશ્ય કરી દીધો.

तत: कलावती कन्या न च विलोक्य निजं पतिम् |

शोकेन महता तत्र रुदती चापतद् भुवि ||

કલાવતી પોતાના પતિને ન જોતાં તરત જ શોકથી વ્યાકુળ થઇ જમીન પર ઢળી પડી.

दृष्ट्वा तथाविधां नौकां कन्यां च बहुदु:खिताम् |

भीतेन मनसा प्राह 'किमाश्चर्यमिदं भवेत् ||'

चिन्त्याकुलिता: सर्वे वभूवुस्तरिवाहका: ||

ततो लीलावती कन्यां दृष्ट्वा सा विह्वला भवत् |

विललापातिदु:खेन भर्तारं चेदमब्रवीत् ||

'इदानीं नौकया सार्धं कथं सोऽभूदलक्षित: |

न जाने कस्य देवस्य हेलया चैव सा हृता ||

सत्यदेवस्य माहात्म्यं ज्ञातुं वा केन शक्यते |'

इत्युक्त्वा विललापाथ ततश्च स्वजनै: सह ||

કન્યા કલાવતીને બહુ જ દુઃખી અને હોડીને અદશ્ય થયેલી જોઈ શેઠે મનમાં વિચાર્યું 'આ તે કેવું આશ્ચર્ય?' હોડી ચલાવનાર નાવિકો પણ સહુ ચિંતાતુર થયા. પોતાની પુત્રી કલાવતીની સ્થિતિ જોઈ લીલાવતી પણ ખુબ ગભરાઈ ગઈ અને અતિ દુઃખથી વિલાપ કરવા

લાગી.

‘જરા વારમાં જમાઈ સાથે હોડી શી રીતે અદશ્ય થઈ ગઈ? કોણ જાણે કયા દેવની અવગણના થઈ? હું કશું જાણી શકતી નથી. સત્યદેવનું માહત્મ્ય જાણવા કોણ શક્તિમાન છે?’ આમ કહી લીલાવતી પોતાનાં સ્વજનો સાથે વિલાપ કરવા લાગી.

ततो लीलावती कन्यां क्रोडे कृत्वा रुरोद ह |
ततः कलावती कन्या नष्टे स्वामिनि दुःखिता ||
गृहित्वा पादुकां तस्यानुगन्तुं च मनो दधे ||

પોતાના સ્વામીના નષ્ટ થવાથી દુઃખી થયેલી કલાવતીને પછી લીલાવતીએ ખોળામાં બેસાડી ખુબ રુદન કર્યું. કલાવતીએ પાદુકા લઈ પતિની પાછળ સતિ થવાનો મનસૂબો કર્યો.

कन्यायाश्चरितं दृष्टवा सभार्यः सज्जनो वणिक् |
अतिशोकेन संतप्तश्चिन्तयामास धर्मवित् ||

કન્યાની આ દશા જોઈ અતિ શોકથી સંતપ્ત તે ધર્મવિદ્ સજ્જન વણિક પોતાની પત્ની સહિત વિચારવા લાગ્યો.

हृतं वा सत्यदेवेन भ्रोन्तोऽहं सत्यमायया |
सत्यपूजां करिष्यामि यथाविभवविस्तरैः ||
इति सर्वान् समाहूय कथयित्वा मनोरथम् |
नत्वा च दंडवद् भूमौ सत्यदेवं पुनः पुनः ||

“આ ઘટના કયા દેવતાના કોપને લીધે બની? ભગવાન સત્યદેવની માયાથી અમે ભ્રમણામાં પડ્યાં છીએ.” એમ માની શેઠે પોતાનાં સગાં વહાલાંને બોલાવી સંકલ્પ કર્યો, ‘આ ઘોર સંકટ દૂર થતાં જ હું ભગવાન સત્યનારાયણની પૂજા કરીશ.’ અને નમીને શ્રી સત્યદેવને વારંવાર દંડવત્ પ્રણામ કરવા લાગ્યો.

ततस्तुष्ट सत्यदेवो दीनानां परिपालक: |
जगाद् वचनं चैनं कृपया भक्तवत्सल: ||
'त्यक्त्वा प्रसादं ते कन्या पतिं दृष्टुं समागता |
अतोऽदृश्योऽभवत् तस्या: कन्यकाया: पतिर्ध्रुवम् ||
गृहं गत्वा प्रसादं च भुक्त्वा सा याति चेत्पुन: |
लब्दभर्त्री सुता साधो भविष्यति न संशय: ||'

આથી દીન જનોના ઉદ્ધારક ભક્તવત્સલ સત્યદેવે સંતુષ્ટ થઈ કૃપા કરી આકાશવાણીથી કહ્યું, 'પ્રસાદનો ત્યાગ કરી આ કન્યા પોતાના પતિને જોવા દોડી આવી આથી જ ખરેખર એનો પતિ એ જોઇ શકતી નથી." જો એ ઘરે જઈ પ્રસાદ આરોગી પાછી આવશે તો એને એનો પતિ તરત જ પ્રાપ્ત થશે એમાં સંશય નથી.

कन्यका तादृशं वाक्यं श्रुत्वा गगनमंडलात् |
क्षिप्रमेव गृहं गत्वा प्रसदं बुभुजे च सा ||
तत्पश्चात् पुनरागत्य ददर्श च निजं पतिम्|
तत: कलावती तुष्टा जगाद पितरं प्रति |
'इदानीं तु गृहं याहि विलंबं कुरुषे कथम् ||'

કલાવતીએ જ્યારે આ આકાશવાણી સાંભળી કે તરત જ ઘરે જઇ પ્રસાદ લીધો, અને ફરીથી જ્યાં એનો પતિ અંતર્ધ્યાન થયો હતો ત્યાં આવી. પોતાના પતિને સામે જોઇ સંતુષ્ટ થઈ પિતાને કહ્યું,

"ચાલો હવે ઘરે જઈએ, વિલંબ શા માટે કરો છો?'

तच्छ्रुत्वा कन्यकावाक्यं संतुष्टोऽभूद् वणिकसुत: |
पूजनं सत्यदेवस्य कृत्वा विधिविधानत: |
धनै:बन्धुगणै: सार्धं जगाम निजमंदिरम् ||
पौर्णमास्यां च संक्रान्तौ पूजां कृत्वा यथाविधि |

इह लोके सुखं भुक्त्वा चान्ते सत्यपुरं ययौ ||

કલાવતીની વાત સાભળી શેઠ પ્રસન્ન થઈ ભાઈ-ભાંડુઓ સાથે પોતાના ઘરે આવ્યો અને સત્યદેવનું વિધિસર યોગ્ય ધન વડે પૂજન કર્યું. આપછી પણ  દર મહિનાની પૂર્ણિમા તથા સંક્રાંતિના દિવસે નિયમ પૂર્વક તે શ્રી સત્યનારાયણ ભગવાનનું વ્રતપૂજન કરવા લાગ્યો. આ વ્રતના પ્રતાપથી શેઠ આ લોકનાં સઘળાં સુખ ભોગવી અંતે વૈકુંઠના ધામમાં પહોંચ્યો.

ईति श्री स्कंदपुराणे रेवाखंडे सत्यनारायण व्रतकथायाम् चतुर्थोऽध्याय: ||

બોલો શ્રી સત્યનારાયણ ભગવાનનો જય ||

## **અધ્યાય ૫**

सूत उवाच

अथान्यच्च प्रवक्ष्यामि श्रुणुध्वं मुनिसत्तमा: |

आसीत् तुंगध्वजो राजा प्रजापालनतत्पर: |

प्रसादं सत्यदेवस्य त्यक्त्वा दु:खमवाप स: ||

શ્રી સુતજીએ કહ્યું, “આ પછીનું ચરિત્ર પણ ધ્યાન પૂર્વક સાંભળો. પોતાની પ્રજાનું પાલન કરનાર તુંગધ્વજ નામે રાજા હતો. તેણે શ્રી સત્યદેવ ભગવાનનો પ્રસાદ તરછોડી ઘણું દુઃખ મેળવ્યું.

एकदा स वनं गत्वा हत्वा बहुविधान् पशून् |

आगत्य वटमूलं चापश्यत् सत्यस्य पूजनम् ||

गोपा: कुर्वन्ति संतुष्टा भक्तियुक्ता: सबांधवा: |

राजा दृष्ट्वा तु दर्पेण न गतो ननमाम स: ||

એક વાર રાજા તુંગધ્વજ અનેક પશુપંખી મારી પાછા ફરતાં એક વડના ઝાડ નીચે આરામ કરવા બેઠો. તે ઝાડ નીચે ગોવાળો પોતાનાં ભાઇ-ભાંડુ સાથે સત્યનારાયણ ભગવાનની પૂજા કરી રહ્યા હતા. રાજા અભિમાનના કારણે ન તો ત્યાં ગયો કે ન તો તેણે ભગવાનને હાથ જોડ્યા.

ततो गोपगणा: सर्वे प्रसादं नृपसन्निधौ |
संस्थाप्य पुनरागत्य भुक्त्वा सर्वे यथेप्सितम् ||
तत: प्रसादं संत्यज्य राजा दु:खमवाप स: |
तस्य पुत्रशतं नष्टं धनधान्यादिकं च यत् ||

પૂજા બાદ ગોવાળોએ રાજાને પ્રસાદ આપ્યો, પરંતુ રાજાએ તે પ્રસાદ ન લીધો. પ્રસાદની અવજ્ઞાને લીધે રાજાના સો પુત્રો, ધનસંપત્તિ વગેરે જે કંઇ હતું તે બધું નાશ પામ્યું.

'सत्यदेवेन तत्सर्वं नाशितं मम निश्चितम् |
अतस्तत्रैव गच्छामि यत्र देवस्य पूजनम् ||
मनसा तु विनिश्चित्य ययौ गोपालसंनिधौ |
ततोऽसौ सत्यदेवस्य पूजां गोपगणै: सह |
भक्तिश्रद्धान्वितो भूत्वा चकार विधिना नृप: ||
सत्यदेवप्रसादेन धनपुत्रान्वितोऽभवत् |
इह लोके सुखं भुक्त्वा चान्ते सत्यपरं ययौ ||

(આ રીતે ભયંકર દુઃખો પડવાથી રાજાએ બહુ ગંભીરતા પૂર્વક આ દુઃખો પડવાનું કારણ વિચાર્યું, અને નિર્ણય કર્યો,)

"શ્રી સત્યનારાયણ ભગવાને જ મારા સર્વસ્વનો નાશ કર્યો છે. આથી જ્યાં પેલા ગોવાળો શ્રી સત્યનારાયણ ભગવાનની પૂજા કરી રહ્યા હતા; ત્યાં જાઉં."

આ રીતે મનમાં નિશ્ચય કરીને રાજા પેલા ગોવાળો પાસે ગયો. તે લોકો સાથે મળી ઘણી ભક્તિ અને શ્રદ્ધાથી શ્રી સત્યનારાયણ ભગવાનનું પૂજન કર્યું. પ્રસાદ લીધો. આથી શ્રી સત્યદેવની કૃપાથી ફરથી ધન-ધાન્ય, પુત્ર-પૌત્રાદિથી સંપન્ન થઇ ગયો, અને આ લોકનાં બધાં સુખો ભોગવી અંતે વૈકુંઠવાસી થયો.

य इदं कुरुते सत्यव्रतं परम दुर्लभम् |
श्रुणोति व कथां पूण्यां भक्तियुक्त: फलप्रदाम् ||
धनधान्यादिकं तस्य भवेत् सत्यप्रसादत: |
दरिद्रो लभते वित्तं बद्धो मुच्येत बन्धनात् ||
भीतो भयात् प्रमुच्येत सत्यमेतन्न संशय: |
ईप्सितं च फलं भुक्त्वा चान्ते सत्यपुरं व्रजेत् ||
इति व: कथितं विप्रा: सत्यनारायणव्रतम् |
यत्कृत्वा सर्वदु:खेभ्यो मुक्तो भवति मानव: ||
विषेत: कलियुगे सत्यपूजा फलप्रदा |
केचितकालं वदिष्यन्ति सत्यमीशं तमेव हि |
सत्यनारायणं केचित् सत्यदेवं तथापरे ||
नानारूपधरो भूत्वा सर्वेषामीप्सितप्रद: |
भविष्यति कलौ सत्यव्रतरूपी सनातन: ||
य इदं पठते नित्यं शृणोति मुनिसत्तमा: |
तस्य नश्यन्ति पापनि सत्यदेवप्रसादत: ||

પરમ દુર્લભ શ્રી સત્યનારાયણ ભગવાનનું વ્રત જે મનુષ્ય કરે છે તથા બધી મનોકામના પૂર્ણ કરનારી ઉત્તમ પવિત્ર કથાનું શ્રવણ કરે છે તે સત્યનારાયણ ભગવાનની કૃપાથી ધનધાન્ય તથા સંતતિ પ્રાપ્ત કરે છે. દરિદ્ર હોય તે ધનવાન બને છે, કોઇ જાતનાં બંધનમાં હોય તો

તેનાથી મુક્ત થાય છે. ભયભિત મનુષ્ય ભયમુક્ત બને છે, એમાં લેશ માત્ર શંકા નથી. આ વ્રતના પ્રભાવથી મનુષ્ય અહીં મનપસંદ ફળ ભોગવી અંતમાં મોક્ષપદ પ્રાપ્ત કરે છે. હે મહર્ષિ! હે બ્રાહ્મણો! આપ સહુના કલ્યાણ માટે મેં સત્યનારાયણ ભગવાનના વ્રતનું વર્ણન કર્યું છે. આ ઘોર કળીયુગમાં શ્રી સત્યનારાયણ ભગવાનની પૂજા જ બધાં દુઃખોનું નિવારણ કરી શકે છે. હે શ્રેષ્ઠ મુનિઓ! જે આ કથા દરરોજ વાંચે છે કે સાંભળે છે અને સત્યનું પાલન કરે છે તેનાં બધાં પાપ સત્યદેવની કૃપાથી નાશ પામે છે.

व्रतं यैस्तु कृतं पूर्वं सत्यनारायणस्य च |
तेषां त्वपरजन्मानि कथयामि मुनिश्वरा: ||

હે મુનિશ્વરો! જે લોકોએ પહેલાં વ્રત કર્યું હતું તેમના બીજા જન્મની કથા સાંભળો.|

शतानंदो महाप्राज्ञ: सुदामा ब्राह्मणो ह्यभूत् |
तस्मिन् जन्मनि श्रीकृष्णं ध्यात्वा मोक्षमवाप ह ||
काष्ठभारवहो भिल्लो गुहराजो बभूव ह |
तस्मिन् जन्मनि श्रीरामं सेव्य मोक्षं जगाम वै ||
उल्कामुखो महाराजो नृपो दशरथोऽभवत् |
श्रीरंगनाथं संपूज्य श्रीवैकुंठं तदाऽगमत् ||
धार्मिक: सत्यसंधश्च साधुमोरध्वजोऽभवत् |
देहार्धं क्रकचैच्छित्वा दत्त्वा मोक्ष मवाप ह ||
तुंगध्वजो महाराज: स्वायंभुरभवत्किल |
सर्वान् भागवतान् कृत्वा श्रीवैकुंठं तदाऽगमत् ||

કાશી નગરનો પેલો શતાનંદ બ્રાહ્મણ બીજા જન્મમાં સુદામા હતો. ભગવાન શ્રી કૃષ્ણ જેવા મિત્ર પામી તેને પરમ પદ પ્રાપ્ત થયું. લાકડાં

વેચનાર પેલો કઠિયારો કેવટ થયો, જેણે પોતાના હાથે ભગવાન રામચંદ્રનાં ચરણો ધોયાં અને તેમની સેવા કરી જન્મ-મરણનાં બંધનોથી મુક્ત થઇ ગયો. ઉલ્કામુખ રાજા બીજા જન્મમાં રાજા દશરથ થયો. તેણે ભગવાન રામચંદ્ર જેવા પુત્ર પામી વૈકુંઠ મેળવ્યું. પેલો વેપારી શેઠ બીજા જન્મમાં રાજા મોરધ્વજ થયો. પોતાના પુત્રનું અડધું શરીર કરવત વડે કાપી તેણે ભગવાનને પ્રસન્ન કર્યા. મહારાજ તુંગધ્વજ બીજા જન્મમાં સ્વયંભૂ મનુ બન્યા. તેમણે ભગવત્ સંબંધી કથાઓ દ્વારા સહુને ભગવાનના ભક્ત બનાવ્યા.

ईति श्री स्कंदपुराणे रेवाखंडे सत्यनारायण व्रतकथायाम् पंचमोऽध्याय:||

બોલો શ્રી સત્યનારાયણ ભગવાનનો જય.|

## ઉત્તર પૂજન

ચંદન, ફૂલ, અબિલ-ગુલાલ-સિંદુર, અગરબત્તી અને દિવો ભગવાનને ચડાવવાં.

ॐ स्थापित देवता सहित श्री सत्यनारायणाय नम: गंधं समर्पयामि||

अबिलं च गुलालं च सिंदुरं च समर्पयामि||

धूपं आघ्रापयामि | दीपं दर्शयामि||

## દશાવતારની આરતી

<u>થાળીમાં કંકુનો ૐ અને સ્વસ્તિક (卐) કાઢી સોપારી, ચોખા, ફૂલ મૂકવાં.</u>

જયદેવ જયદેવ જય જાદવરાયા પ્રભુ શ્રી માધવરાયા

આરતી કરીએ કરુણાનંદન વ્યાપે નહીં માયા...

પ્રથમે મચ્છ તણો અવતાર માર્યો શંખાસુર પાપી

ચતુરા નંદન દેવ વેદ વિપ્રને આપી...જયદેવ0
બીજે સુર ને અસુર મળિયા સાગર મથવાને કાજે
વાંસા પર વાળ્યો વીંધ્યાચળ   કૌરવ મહારાજે...
ત્રીજે  હિરણ્યાક્ષ ભૂપ દમતો પૃથ્વીને પાપી
દાઢ ગ્રહી લાવ્યા વરાહસુર અવનિ સ્થિર સ્થાપી...
ચોથે નૃંસિહનો અવતાર માર્યો હિરણ્યશિપુ પાપી
નખે કરી વિદાર્યો નરહર  પ્રહલાદના સ્વામી...
પાંચમે અતિ બળિયો બળદેવ જેથી સુરપતિઓ કાંપે
વામન રૂપ ધર્યું મહારાજે બલિને પાતાળે ચાંપી...
છઠ્ઠે પરશુરામ અવતાર ફરસી હાથોમાં ઝાલી
સહસ્ર અરજુન  મારી  પૃથ્વી  નક્ષત્રી  કીધી...
સાતમે રઘુવંશી અવતાર આનંદ કૌશલ્યા પામી
પંચવટીમાં વસિયા રાઘવ  સીતાના  સ્વામી...
આઠમે કૃષ્ણ તણો અવતાર કૃષ્ણે ગોકુલ ગૌ ચારી
રાખ્યા  ગોપી   ગોવાળ   ગોવર્ધનધારી...
નવમે બુદ્ધ તણો અવતાર ભાર પૃથ્વી પર વાધ્યો
ધ્યાન ધરી બેઠા ધરણીધર  જોગજગન સાધ્યો...
દસમે  કલંકી  અવતાર  પૃથ્વી નકલંકી કરશો
મ્લેચ્છને મારી રાઘવજી  સેવક સુખ   દેશો...
અગિયારમે મોહન ને મહાદેવ, આરતી અંતરમાં ધરશો
ભાવે   ભૂધરને  ભજતાં   ભવસાગર તરશો...
એ આરતીનો મોટો મહિમા, સુનીવરમુનિ જાણે
મોતી  પુષ્પ વધાવે મનવાંછીત  ફળ આપે...
કેવડો  કેશવને  વહાલો   શિવને   ધંતુરો

તુલસી ત્રીકમને વહાલાં શિવને બીલીપત્ર...
દશ અવતારની આરતી, જે કોઇ ભાવ ધરી ગાશે
ભણે શિવાનંદ સ્વામી તે નર વૈકુંઠે જાશે...

## अच्युतं

अच्युतं **केशवं रामनारायणं**
**कृष्ण दामोदरं वासुदेवं हरे**
श्रीधरं माधवं गोपिकावल्लभं
जानकी नायकं रामचंद्रं भजे |
राम राम राम राम रामनाम तारकं
कृष्ण दामोदरं वासुदेवं हरे |
श्री जानकी मनोहरं सर्व लोकनायकं
कृष्ण दामोदरं वासुदेवं हरे ||

---આરતીમાં કપુર સળગાવવું //

कर्पुरफलैरं करुणावतारं संसारसारं भूजगेन्द्रहारम् |
सदा वसंती हृदयारं बिन्दे भवं भवानिसहस्रं नमामि ||
मंगलं भगवान विष्णु मंगलं गरुडध्वज |
मंगलं पुंडरीकाक्षो मंगलायतनो हरि ||
सर्व मंगल मांगल्ये शिवे सर्वार्थ साधिके |
शरण्ये त्र्यम्बके गौरी नारायणी नमोस्तुते ||

જયકાર- બોલો શ્રી ગણપતિ ગજાનનકી જય-શંકર ભોળાનાથ-હરહર મહાદેવ-કૃષ્ણ કનૈયા લાલ-રામચંદ્ર ભગવાન-પવનસુત હનુમાન-આદ્યશક્તિ અંબેમાત-કાલિકા માત-ગાયત્રી માત-સદ્ગુરુ દેવ-ॐ नमस् पार्वती पतये हर हर महादेव हर ||

# થાળ

પ્રભુ પ્રેમે ધરાવ્યો મેં થાળ જમવા આવોને
મારા આંગણિયે બોલાવે બાળ જમવા આવોને
પ્રભુ પ્રેમથી જમાડું હું તાંદળની ભાજી,
ભાજીના સ્વાદ જોઈ પ્રભુજી રાજી,
મારા હાથે જમાડું હું થાળ જમવા આવોને...
વાલ વટાણા સુંદર તળિયા,
કારેલાના ઘૂઘરા જ ભરિયા
મારા હાથે જમાડું હું થાળ જમવા આવોને...
ઘારી જલેબી ઘેબર ઘીના,
કંચન થાળ તો ભરિયા બરફીના
મારા હાથે જમાડું હું થાળ જમવા આવોને...
દાળ ભાત શાક અને પાપડ તળાવું,
ખાટા તે દહીંનો મઠો બનાવું.|
મારા હાથે જમાડું હું થાળ જમવા આવોને....|
લવંગ સોપારી ને એલચી લાવું,
ઉપરથી પાનનું બીડું બનાવું,
મારા હાથે જમાડું હું થાળ જમવા આવોને...

રામ કહે સુખ ઉપજે કૃષ્ણ કહે દુઃખ જાય મહિમાનો પ્રસાદ કો ખાતાં પાવન થાય, ચરણામૃતને કારણે મીટ ગઈ આળજંજાળ, નારી પ્રીતે નર થયો પ્રભુ ઐસા દીનદયાળ, ભક્ત અર્જુન પીરસે ને ભાવતાં ભોજન ખાટું ખોળું લાગશે જેનાં જેવાં મન રે રામ, રણછોડરાય

જમી ઊઠ્યા ને પહોંચ્યા મનના કોડ સબ હરિજન તમે બોલજો ....
જય જય  શ્રી રણછોડ રાય...|

# આશીર્વાદ

બ્રાહ્મણે ચોખા અને ફૂલ લેવાં

आदित्या वसवो रुद्रा   विश्वेदेवा मरुद्गणा |
लोकपाला: प्रयछन्तु  मंगलानि श्रीयं यश: ||
गायत्रि सति सावित्री शची लक्ष्मी सरस्वति |
मृडाग्नि मातरा सर्वा   भवन्तु वरदा सदा ||

-<u>ચોખા /ફૂલ યજમાન પર વધાવવાં</u>

# વિસર્જન

<u>યજમાને ચોખા અને ફૂલ લેવાં</u>

यान्तु देवगणा सर्वे  पूजामादाय मामकीम् |
ईष्टकाम प्रसिद्ध्यर्थं  मया पुनरागमनाय च ||
गच्छागच्छ  सुरश्रेष्ठ   स्वस्थाने  परमेश्वर |
यत्र  ब्रह्मादयो देवास्  तत्र गच्छ  हुताशन ||
गच्छ त्वं भगवन्नग्ने   स्वस्थाने कुंडमध्यम |
हुतमादाय  देवेभ्य:  शीघ्रं देहि  प्रसीद  मे ||

<u>- ફૂલ ચોખા વધાવી દેવા</u>

વિષ્ણુ સ્મરણ

यस्य स्मृत्या च नामोक्त्या तपोयज्ञक्रियादिषु |
न्यूनं संपूर्णतां यातु   सद्यो वंदे तमच्युतम् ||

ॐ विष्णवे नमः विष्णवे नमः विष्णवे नमः ।

ईति विष्णुस्मरणात्कृतं कर्म परिपूर्णमस्तु ॥

अस्तु परिपूर्णम् ॥

<u>સહુને નમસ્કાર કરી ઊઠી જવું //</u>